**ઓકટોબર - ૨૦૨૪ માસના પગારભથ્થા**
**અને પેન્શનની વહેલી ચુકવણી કરવા બાબત.**

ગુજરાત સરકાર,
**નાણા વિભાગ,**
ઠરાવ ક્રમાંક:-તજર/૧૦૨૦૧૩/૬૪૮૨૫૨/ઝ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૧૬.૧૦.૨૦૨૪

**વંચાણે લીધા:-**

(૧) નાણા વિભાગનો તા.૨૦.૦૪.૧૯૯૩નો ઠરાવ ક્રમાંક: તજર/૧૦૯૩/૩૮૦/ઝ
(૨) નાણા વિભાગનો તા.૧૩.૧૦.૧૯૯૩નો ઠરાવ ક્રમાંક: તજર/૧૦૯૩/૮૪૬/ઝ

**ઠરાવ:-**

તા.૧૩.૧૦.૧૯૯૩ના ઉપર્યુક્ત ઠરાવથી સરકારી કર્મચારીઓના પગાર જે માસના પગાર ભથ્થા ચુકવવાપાત્ર હોય તે પછીના માસના પ્રથમ ત્રણ કામકાજના દિવસો દરમિયાન સ્ટેગરીંગ પ્રથા અનુસાર ચુકવવાના હુકમો કરવામાં આવેલ છે.

ચાલુ વર્ષે દિવાળીનો તહેવાર તા.૩૧.૧૦.૨૦૨૪ના રોજ હોઇ, કર્મચારીઓ અને પેન્શનરો આનંદ અને ઉત્સાહપૂર્વક આ તહેવાર ઉજવી શકે તે બાબતને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ઓકટોબર-૨૦૨૪ માસના પગાર ભથ્થા તથા પેન્શનની ચુકવણી વહેલી કરવાનો નિર્ણય કરેલ છે.

ઉક્ત નિર્ણય અનુસાર ઓકટોબર - ૨૦૨૪ માસના રાજ્ય સરકારના કર્મચારીઓ / પેન્શનરોના પગાર ભથ્થા / પેન્શનની ચુકવણી તા.૧૩.૧૦.૧૯૯૩ના ઠરાવમાં જણાવ્યા પ્રમાણે મહિનાના પ્રથમ ત્રણ કામકાજના દિવસોને બદલે, વંચાણમાં લીધેલ તા.૨૦.૦૪.૧૯૯૩ના ઠરાવમાં છુટછાટ મૂકીને તા.૨૩.૧૦.૨૦૨૪, તા.૨૪.૧૦.૨૦૨૪ અને તા.૨૫.૧૦.૨૦૨૪ દરમિયાન તબક્કાવાર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ અનુદાનિત શૈક્ષણિક સંસ્થાઓના શૈક્ષણિક તેમજ બિન-શૈક્ષણિક કર્મચારીઓ, પંચાયત સેવાના કર્મચારીઓ તથા કરાર આધારિત નિમણૂક પામેલ કર્મચારીઓને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવિતા રાઠોડ)
નાયબ સચિવ(પેન્શન અને તિજોરી)
નાણા વિભાગ

પ્રતિ:-

* માનનીય રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

Created with Scanner Pro